R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 30 DATE: 28-07-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દેશમાં આતંકવાદથી થતા મોત કરતાં વધુ મોત દેશભરના માર્ગોમાં પડેલા ખાડાઓથી થાય છે



સુપ્રીમ કોર્ટે દેશભરમાં માર્ગો પર ખાડાને કારણે થતા અકસ્માતોમાં મોતને ભયાવહ ગણાવીને કહ્યુ હતું કે આવી ઘટનાઓમાં મોતનો આંકડો દેશમાં આતંકી હુમલામાં થતા મોત કરતાં વધુ છે.ભારતમાં માર્ગ સલામતીને લગતી મેટર પર સુનાવણી કરતી વેળાએ જસ્ટીસ મદન બી લોકુર અને દીપક ગુપ્તાની બેન્ચે કહ્યુ હતું કે ખાડાને કારણે થતાં અકસ્માતોના કારણે તેમનું જીવ ગુમાવનારા લોકોને વળતર મળવું જોઈએ. મીડીયાના અહેવાલોને ટાંકીને બેન્ચે કહ્યુ હતું કે આ સામાન્ય જ્ઞાનનો મામલો છે કે માર્ગો પરના ખાડાને કારણે થતાં અકસ્માતોમાં મોતની સંખ્યા વધુ છે.અને માર્ગોના સમારકામની જવાબદારી જેમના શીરે છે તે સત્તાવાળાઓ તેમની ફરજ યોગ્ય રીતે અદા કરતા નથી. રોડ સેફટી અંગેની સુપ્રીમ કોર્ટની કમિટીને આ અત્યંત ગંભીર મામલે દેખરેખ રાખવા અને બે અઠવાડિયામાં એક રીપોર્ટ ફાઈલ કરવા કહ્યુ હતું.આ ભયાવહ છે. આ જીવન કે મોતને લગતો છે. તેમ જણાવતાં બેન્ચે ઉમેર્યુ હતું કે કોઈને માર્ગચ પર ખાડા ક્યાં મળશે અને ક્યારે ઘાતક અકસ્માત સર્જાશે તેની ખબર હોતી નથી.

## લેભાગુ સી.એ.ની જાળ : કમિશનના બદલામાં રિફંડનું વચન

ટેક્સ રિટર્ન ભરવા માટે ૩૧મી જુલાઈની છેલ્લી તારીખ નજદીકમાં છે. ત્યારે કેટલાક કરદાતાઓને આંકડાના ગોટાળા કરીને કમાણીની તક દેખાય છે.પોતાની જાતને સીએ તરીકે ઓળખાવતાં લેભાગુ લોકો કરદાતાઓને જંગી રિફંડ અપાવવાનું વચન આપે છે. અને તેના બદલામાં ૧૫ ટકા કમિશન કાપે છે.આવા લેભાગું સી.એ. કરદાતાના રિર્ટનમાં ખોટી આવક દર્શાવે છે.જેથી રુ.૫૦,૦૦૦ રુપીયાથી લઈને ૨ લાખ સુધીનું રિફંડ મળે છે.તેઓ વ્યક્તિની કરપાત્ર આવકને ઓછી દર્શાવે છે.અથવા ચોક્કસ કરકપાત(ડિડકશન) કે કરમુક્તિ ક્લેમ કરે છે.આ સરળ છે.કારણે કે ટેક્સ રિટર્નમાં ડિડકશન કે એકઝેમ્પશનનો ક્લેમ કરવા માટે કોઈ ડોક્યુમેન્ટની જરુર પડતી નથી. મુંબઈ સ્થિતિ એક સી.એ.એ જણાવ્યુ હતું કે કરદાતા,મેડિકલ,વીમો,હોમ લોન,એજ્યુકેશન લોન અથવા

અનુ. પાન નં.૩ ઉપર

## થર્ડ પાર્ટી વીમા વગર ફોર-ટુ વ્હીલર વેચી નહીં શકાય.૧લી સપ્ટે.થી ફરજીયાત વિમો લેવા પડશે

વાહન કંપનીઓ દેશમાં પહેલી સપ્ટે.થી થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ વગર ફોર કે ટુ વ્હીલર્સનું વેચાણ નહીં કરી શકે. તેમને આ બન્ને પ્રકારના વાહનો માટે અનુક્રમે બે વર્ષ અને પાંચ વર્ષ માટે ફરજીયાત વીમો લેવો પડશે તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યુ છે.માર્ગ અકસ્માતમાં ભોગ બનેલાઓને વળતર મળી શકે તે માટે આ પગલું ભરવામાં આવ્યું છે.આ મામલે વીમા કંપનીઓએ આર્થિક દષ્ટિકોણ નહીં પરંતુ માનવીય અભિગમ અપનાવવું જોઈએ તેમ સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું. કાર અથવા બાઈકની ખરીદી પહેલી વખત થાય ત્યારે થર્ડ પાર્ટી વીમો આપવામાં આવે છે તેમ જણાવતાં એમિક્સ ક્યુરે ગૌરવ અગ્રવાલે ઉમેર્યું હતું કે પરુતં એ પછીના વર્ષમાં વીમો લેવાતો નથી.એવા ૬૬ ટકા વાહનો છે જેમની પાસે થર્ડ પાર્ટી વીમો નથી.વીમા કંપનીઓની દલીલ હતી કે એકજ ઝાટકે ૨૦ વર્ષ માટે થર્ડ પાર્ટી વીમો લેવાનું શક્ય નથી.એ ફચી એક કમિટીએ ઉલ્લેખ કર્યો હતો કે થર્ડ પાર્ટી કાર વીમાની મુદત વધારીને ત્રણ વર્ષ કરી શકાય છે જ્યારે ટુ વ્હીલર્સ અથવા મોટરસાઈકલનો વિમમો પાંચ વર્ષ માટે કરી શકાય છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## સરકાર સામે અવિશ્વાસની દરખાસ્તની ચર્ચા દરમિયાન વડાપ્રધાન પર રાહુલગાંધી ભારે શાબ્દિક પ્રહારો કર્યા



અવિશ્વાસના પ્રસ્તાવ પરની ચર્ચા પર લોકસભામાં બોલતાં કોગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર ભારે શાબ્દિક પ્રહારો કર્યા હતા.રાહુલે રફાલ ફાઈટર વિમાની સોદામાં કૌભાંડ થયું હોવાનો આરોપ મુકીને નરેન્દ્ર મોદી દેશના ચોકીદાર નથી પરંતુ ‘ભાગીદાર’ હોવાનું કહ્યુ હતું. રાહુલે કહ્યુ હતું કે દેશના લોકો તેમની કરામતનો ભોગ બન્યા ચે.તમામ દિશાએથી વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા પછી રાહુલ ગાંધીએ મોદીને ભેટવાનું કામ કર્યુ હતું. જેના કારણે સહુ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

રફાલ સોદા ઉપર બોલતાં તેમણે કહ્યુ હતું કે મને એ વિશે બોલતાં જરા પણ ખચવાટ થતો નથી કે વડાપ્રધાન મોદીના દબાણથી સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન કોને મદદ કરી રહ્યા છે. જે કંપનીને નાની ટાંકણી બનાવવાનો અનુભવ નથી અને જેના માથે રુપીયા ૩૫ હજાર કરોડનું દેવું છે. તેને મોદીજીએ ૪૫ હજાર કરોડન રફાલ વિમાનનો કોન્ટાકટ આપી દીધો છે.આ કોન્ટ્રાક્ટ હિન્દુસ્તાન એરોનોટિક્સ લી. પાસે હતો. પણ છીનવી લેવાયો છે.આમ કહીને રાહુલે કહ્યુ કે પોતાને દેશના ચોકીદાર કહેતા મોદી ખરેખર તો આ ડીલના ભાગીદાર છે.અને પપ્પુ કહીને ભલે તિરસ્કારે છે પરંતુ તેમને મોદીજી પ્રત્યે કોઈ વેર ભાવના નથી.તેમના પ્રત્યે મને કોઈ રોષ નથી.મોદી અને અમિત શાહ દ્વારા જે તિરસ્કાર અને રોષ ફેલાવાઈ રહ્યા છે તેમાં સત્તા ગુમાવવાની બીક છે.

## શિવસેના-બીજેડી લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત પરથી ચર્ચા અને વોટિંગથી દુર રહ્યા : શિવસેનાએ બહિષ્કાર કર્યો અને બીજેડીએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો

લોકસભાની અવિશ્વાસની દરખાસ્ત પર શિવસેના અને બીજુ જનતાદળે તેનું વલણ સવારથી સ્પષ્ટ રાખ્યુ હતું.શિવસેનાએ દસખાસ્ત પરની ચર્ચા અને વોટિંગનો બહિષ્કાર કર્યો હતો.તો બીજેડીએ ગૃહનો ત્યાગ કરીને તેનો વિરોધ દર્શાવ્યો હતો.તેમની પાર્ટી અવિશ્વાસના મતમાં ભાગ લેશે કે કેમ તેવા સવાલના જવાબમાં શિવસેનાના લોકસભામા સાંસદ એનાદ્રાઓ અડસુલે કહ્યુ હતું કે નહિ અમે અમારી હાજરી પર પણ હસ્તાક્ષર નથી કર્યા.અગાઉ મુખપત્ર સામનામાં લખાયું હતું કે વિરોધ પક્ષ પણ જાણે છે કે સરકારને પાડી દેવા માટે તેની પાસે આંકડા નથી.પરંતુ સરકારને તોડી પાડવા માટે નહીં પરંતુ તેને વધુ જવાબદાર બનાવવા માટે આ દરખાસ્ત લાવવામાં આવી છે.

બીજી બાજુ બીજુ જનતા દળના નેતાઓએ અવિશ્વાસની દરખાસ્ત પર ચર્ચા દરમિયાન સંસદના ચાલુ સત્રમાંથી વોકઆઉટ કરી ગયા હતા.તેના સાંસદ ભાતૃહરિ મહેતાએ સ્પીકર સુમિત્રા મહાજનને કહ્યુ કે યુપીએ અને એનડીએ સરકારે ઓડીશાના લોકો સાથે અન્યાય કર્યો છે.આ ચર્ચા કોઈ પણ રીતે દેશના લોકો માટે ફળદાયી નથી. આથી અમને વોકઆઉટ કરીએ છીએ.ચર્ચામાં ભાગ લેવાના નથી.ઉલ્લેખનીય છે કે શિવસેનાએ અવિશ્વાસની દરખાસ્તને સમર્થન આપવા કે કેમ તે મામલે તેના પાના ખોલ્યા નહોતા.વ્હીપ જારી થયાના થોડાક કલાકોની અંદર શિવસેનાએ રુખ બદલી નાંખ્યો હતો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશની સર્વોચ્ચ અદાલતે એટલે કે સુપ્રીમ કોર્ટે સરકારને 'મોબ લીચીંગ'રોકવા પ્રભાવશાળી કાયદા બનાવવા અને અપરાધીઓને કડક સજા આપવાના નિર્દેશો કર્યા છે.મોબ લીચીંગનું સૌથી મોટુ ઉદાહરણ સમય-સમય પર દેશમાં થતાં કોમી રમખાણો છે.જેમાં એક ધર્મને માનનારાઓની ભીડ બીજા ધર્મને માનનારી કોઈ વ્યક્તિને ઘેરી લઈને ભયંકર હુમલો કરે છે તેને ખરાબ રીતે ઘાયલ કરે છે કે તેને મારી નાંખે છે.આપણા દેશમાં આના અનેક ઉદાહરણો છે. ગુજરાતમાં ૨૦૦૨માં થયેલા કોમી રમખાણો એક પ્રકારના મોબ લીચીંગ હતા.એજરીતે ૧૯૮૪માં દિલ્હીમાં થયેલા શીખ વિરોધી હિંસક તોફાનો પણ મોબ લીચીંગની પરાકાષ્ટા સમાન હતા.

મોબ લીચીંગ નો એરુ ભાજપ સાથે સહાનુભુતિ રાખનારા હિંસક યુવાનોને આભડી ગયો અને ગૌરક્ષાને નામે, ક્યારેક મંદિરના નામે તો ક્યારેક દેશભક્તિના નામે,ક્યારે પોતાના રાજકીય પ્રતિસ્પર્ધીઓ સામે વેરવસુલાત, કે પછી કટ્ટર ધર્માંધતાને કારણે લઘુમતીઓને તેના સ્થાનો પરથી હટાવી દેવા તેમની મિલ્કતોનો નાશ કરવો, કે તેમની હિંસા આચરવી છેલ્લા ચાર વર્ષમાં તેની પરાકાષ્ટા આવી ગઈ છે. સુપ્રીમ કોર્ટે જ્યારે આ મામલાની ગંભીરતા સમજાઈ ત્યારે તેમણે સરકારને આ બાબતે કડક કાનુન બનાવીને અપરાધીઓને સજા કરવા માટેની જોગવાઈ કરવા કહ્યુ છે.દેશના વિજાણુ માધ્યમો કે પ્રિન્ટ મીડીયા આ બાબતે ખામોશ બની ગયા છે.તેનું કારણ એ છે કે મોબ લીચીંગમાં સત્તાધારી પક્ષની પણ સંડોવણી દેખાય છે.ગૌરક્ષકો કે પછી હિદુત્વના નામે કેટલાક તત્વો જે કામગીરી કરે છે તેમાં સત્તાધારી પક્ષના આર્શીવાદ ભળેલા હોય છે.

એવી એક માન્યતા હતી કે ટોળામાં કરાયેલ અપરાધને કાયદાની કોર્ટમાં સાબિત કરવો અઘરો હોવાથી કોઈ ગુનેગારને નશ્યત થતી નહોતી અને જ્યારે તેમાં સત્તાધારી પક્ષના જ કાર્યકરો હોય ત્યારે પોલીસને ગુનો સાબિત કરવામાં રસ હોતો નથી. દબાણને વશ થઈને શકમંદોને છોડી મુકવા સિવાય કાયદામાં પોલીસ કોઈ કાર્ય કરતી નથી.પરિણામે આવા અપરાધોની સંખ્યા એકદમ વધી ગઈ.આ સ્થિતિમાં ન્યાયપાલિકા,રાજકીય પક્ષો અને સામાજિક કાર્યકર્તાઓની સામે પડકારો વધી જાય છે.જો નાની વાતે બેકાબુ ભીડ પોતાના હરીફો શત્રુઓ પર આ જ રીતે હિંસક હુમલા કરશે અને પોલીસ તમાશો જોતા રહેશે તો સામાજીક અવ્યવસ્થા ઉભી થશે.આ બાબત માટે સામુહિક રાજકીય ઈચ્છાશક્તિની જરુર છે.નહીતર લોકશાહી અને સામાન્ય સામાજિક જીવન પણ ખતરામાં પડી જશે..છેલ્લા ચાર વર્ષોમાં જ્યારથી ભાજપ સત્તાસ્થાને આવી ત્યારથી તેમની સહયોગી પાંખોના કાર્યકરોએ મોબ લીચીંગ દ્વારા દેશમાં ભયનું વાતાવરણ સર્જી દીધું છે.

## મંતવ્ય

નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારની ટીકા કરતાં તેના સાથી પક્ષ શિવસેનાએ કહ્યુ હતું કે દેશમાં શાસન કરનારા કસાઈઓ છે.જેઓ જાનવરોને બચાવે છે પરંતુ માણસોને મારી નાંખે છે.પોતાના મુખપત્ર સામનામાં સેનાએ જે મેન્ડેટથી મોદી સરકાર સત્તા પર આવી તેની સામે શંકા વ્યક્ત કરી હતી.તેઓ આક્ષેપ હતો કે ચુંટણીઓ પૈસા,સત્તાના દુરપયોગ અને ઈવીએમ સાથે ચેડાથી જીતાઈ હતી.

એનડીએ સરકારમાં સાથી પક્ષ તરીકે શિવસેનાએ જ્યારે આ સત્ય ઉજાગર કર્યુ ત્યારે દેશની જનતાએ જાણી લેવું જોઈએ કે ભાજપે ચુંટણીમાં કેવી રીતો અખત્યાર કરી હતી. જેને તેમના જ સાથી શિવસેનાએ જાહેર કરી છે.ઈવીએમ મશીનો સાથે ચેડા કરવાની વાતમાં હવે તથ્ય દેખાવા માંડ્યુ છે.મશીનોમાં ગરબડ કરીને તેઓ કેટલીક ચુંટણીઓ જીતી ગયા છે.અને સિફતથી કાર્યવાહી કરીને દેશમાં તેમણે ભારે અફરાતફરીનો માહોલનું સર્જન કર્યુ છે.દેશની પ્રજાએ જાગવાની જરુર છે.

અનિલ કે પરમાર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# દક્ષિણ આફ્રિકાના ગાંધીજી મદીબા(ગુરુ)નેલ્શન મંડેલા

ભારતમાં જે સ્થાન મહાત્મા ગાંધીનું છે. તે દક્ષિણ આફ્રિકામાં નેલ્શન મંડેલાનું છે.ગાંધી ભારતમાં બાપુ છે તેમ મંડેલા દક્ષિણ આફ્રિકામાં મદીબા (ગુરુ) તરીકે ઓળખાય છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા માટે બાપુ અને મદીબા બંને આદર્શ હતા.મદીબાનું જીવન જ બાપુના જીવનની માફક એક સંદેશો છે.૨૭ વરસ જેલમાં પથ્થરો તોડીને ગુજાર્યા અને દક્ષિણ આફ્રિકામાં લઘુમતિમાં હોવા છતાં રંગભેદની નીતિ ચલાવતા ગોરાઓના શાસનની હકુમતમાંથી મુક્તિ મેળવી. દુનિયા જ્યારે વૈચારિક પ્રગતિ કરી રહી હતી, ત્યારે દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ ચાલતી હતી.બીજી તરફ અમેરિકામાં માર્ટીન લ્યુથર કિંગ કાળા લોકો સમાન ગણવા માટે લડી રહ્યા હતા.દક્ષિણ આફ્રિકામાં કાળા લોકોને લોકશાહીની સમાનતાના અધિકારો નહતા. દક્ષિણ આફ્રિકામાં ગોરાઓ કોઈ એક સ્થળેથી આવ્યા ન હતા.તેમાં ડચ હતા.અંગ્રેજો હતા,બોઅર હતા અને બીજા યુરોપીયન પણ હતા.આથી દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજી સિવાયન બીજી યુરોપીયન તેમજ મિશ્રણવાળી ભાષા પણ બોલાય છે.ગાંધીજી એક સમયે એ મિશ્રણનો ભાગ હતા અને એ જ ગાંધીજીના સત્યાગ્રહે નેલ્સન મંડેલાને રંગભેદ ચલાવતી સરકારમાંથી મુક્તિ માટેનું આંદોલન ચલાવવાની પ્રેરણા આપી હતી.મંડેલાએ દોઢ બે સદીથી દ.આફ્રિકામાં વસી ગયેલા યુરોપીયનોને તેમના મુળ વતનમાં પાછા મોકલ્યા નહી, પણ તેઓના શાસનમાંથી મુક્તિ જરુર મેળવી.

આજે દ.આફ્રિકામાં ગોરી તેમજ મિશ્ર પ્રજાની સંખ્યા ખાસ્સી નોંધપાત્ર છે.માત્ર ગોરાઓની હકુમત હવે રહી નથી, છતાં ગોરાઓ સરકારમાં ઉચ્ચ સ્થાનો પર હજી પણ છે.દ.આફ્રિકાની ક્રિકેટ ટીમમાં પણ ગોરા ખેલાડીઓની સંખ્યા વિશેષ હોય છે. પણ તેમાં જે કાળા ખેલાડીઓ હોય છે તે મંડેલાના ૨૭ વર્ષના કારમા જેલવાસ બાદ શક્ય બન્યું છે. એ અગાઉ દક્ષિણ આફ્રિકાની ટીમમાં માત્ર ગોરા ખેલાડીઓને જ સ્થાન અપાતું હતું.

મદીબાએ યુવાનીમાં લડાયક મિજાજની રાજકીય ફિલોસોફી અપનાવી હતી.પણ બાદમાં મહાત્મા ગાંધીના પ્રભાવમાં આવ્યા અને અહિંસાવાદી અને માનવીય મુલ્યોને આધાર બનાવી એ પોતાની લડતમાં આગળ વધ્યા.રંગભેદની નીતિ નાબુદ થઈ ત્યાં સુધી જોહાનિસબર્ગમાં ગોરોઓનો એવો વિશાળ અલાયદો અને વૈભવી વિસ્તાર હતો જ્યાં કાળાઓ પ્રવેશ પણ કરી શકતા ન હતા. ગોરાઓની સરકારે અને ગોરી પ્રજાએ દ.આફ્રિકાને બેફામ લુંટ્યુ હતું. ત્યાંની સોનાની અને હીરાની ખાણો ખલાસ કરી નાંખી. એવા એ જુલ્મી શાસને મંડેલાને જેલમાં પુરી દીધા. પણ જેલમાંથી બહાર આવ્યા ત્યારે ગોરાઓ પ્રત્યે એમણે નફરત રાખી નહતી.ત્યાં સુધી કે કાળાઓ અને ગોરાઓએ મળીને પ્રથમ સરકાર બની તેના ભુતપુર્વ ગોરા પ્રમુખને એમણે વાઈસ પ્રેસિડેન્ટ બનાવ્યા.જીવનના છેલ્લા શ્વાસ સુધી મદીબા એમના ગોરા જુલ્મગારો સામે હસતા રહ્યા. મંડેલાએ જીવનમાં ક્યારેય ઉત્સાહ ગુમાવ્યો ન હતો.બે વરસ પહેલાં દ.આફ્રિકામાં ફુટબોલની વિશ્વકપ સ્પર્ધા યોજાઈ ત્યારે ઉદ્ઘાટન સમારંભ વખતે એમના પૌત્રનું અકસ્માતમાં મૃત્યુ થયું .પ્રજા દુઃખી થઈ ત્યારે મંડેલાએ તેમને સાંત્વના આપી હતી.એમના એક પુત્રનું એઈડસથી મૃત્યુ થયું હતું. પત્ની વિન્ની મંડેલા વિફરી હતી તો પણ તેમણે સ્વસ્થતા ગુમાવી ન હતી.

આજે ભારતમાં અને અન્યત્ર રાજકીય નીતીમત્તાનું ધોવાણ થયું છે.લોકશાહીના નામે અઠંગ ગુંડાઓ,બદમાશો દુનિયામાં રાજ કરતા જોવા મળે છે.ધોવાણ એટલું સાર્વત્રિક છે કે હવે કોસિારી વ્યક્તિ રાજપુરુષ તરીકે આવશે એવી આશા લોકોએ છોડી દીધી છે.આવા સમયમાં પણ નેલ્સન મંડેલા યાદ અપાવે છે કે નવનિર્માણ દરેક યુગમાં શક્ય છે.માત્ર નિષ્ઠા,ખંત અને ધીરજ હોવા જોઈએ.આ દક્ષિણ આફ્રિકાના પીટરારત્ઝબર્ગ રેલ સ્ટેશન પર મહાત્માને ગોરાઓ માટેની એક્સક્લુઝીવ બોગીમાંથી બહાર ફેંકી દેવાયા હતા. અને ત્યારે જ ભારતની આઝાદીનું બીજ રોપાયું હતુ. એ વડલો બન્યું અને તેની વડવાઈ મંડેલાના રુપમાં ફરી દ.આફ્રિકામાં જન્મી અથવા પહોચી.આ છે એકલદોકલ વ્યક્તિના જીવનની દ્રઢતાનું પરિણામ.સાર એ છે કે ક્યારેય કોઈ જુલમગારોએ સમજવુ નહી કે તેઓ સદાને માટે છે અને ક્યારેય પીડીતોએ આશા ગુમાવવી નહી.

ભારતે મંડેલાની લડતને દિલથી સંપુર્ણ ટેકો આપ્યો હતો.દક્ષિણ આફ્રિકા સાથે કોઈપણ જાતના રાજકીય,આર્થિક કે સાંસ્કૃતિક સબંધો રાખ્યા ન હતા. ત્યાં સુધી કે દ.આફ્રિકા સાથે ક્રિકેટ પણ રમાતી ન હતી અને ગાયક કિશોરકુમાર એક સમયે દ.આફ્રિકામાં કાર્યક્રમ આપીને આવ્યા ત્યારબાદ ભારતમા આકાશવાણી પર એમના ગીતો વગાડવા પર પ્રતિબંધ મુકાયો હતો.એ સમયે રાષ્ટ્રીય પ્રસારણમાં એક માત્ર આકાશવાણી જ હતું.આઝાદી મેળવ્યા પછી ૧૯૯૦માં નેલ્સન મંડેલા ભારતની પ્રથમ મુલાકાતે આવ્યા હતા. એ વખતે કોલકત્તાનું સૌથીમોટું ઈડન ગાર્ડનનું સ્ટેડિયમ અને મેદાન છલોછલ ભરાઈ ગયા હતા.લોકો બહાર ઉભા રહી ગયા હતા. ત્યારના બંગાળના મુખ્યમંત્રી સાથે મંડેલાના યજમાન જ્યોતિ બાસુ પણ લોકોનો ઉમંગ જોઈ વિસ્મય પામી ગયા હતા.મંડેલા માત્ર દ.આફ્રિકાની પ્રજા માટે જ માનવ અધિકારોના જ્યોતિર્ધર રહ્યા ન હતા.સમગ્ર વિશ્વના એ પ્રખર રાજપુરુષ હતા.ભારત સરકારે પ્રથમ વખત ભારત બહારના નેતાને ભારતરત્નનો ઈલકાબ આપ્યો તેમાં ઈલકાબનું મુલ્ય પણ ઘણું ઉંચે જાય છે.

મદીબાની આફ્રિકન નેશનલ કોંગ્રેસ,કોન્ફેડરેશન ઓફ સાઉથ આફ્રિકન ટ્રેડ યુનિયન્સ અને સાઉથ આફ્રિકન કોમ્યુનીસ્ટ પાર્ટી સાથે મળીને પ્રથમ સરકારની રચના કરી.મંડેલામાં રાજકીય શાણપણ, રાજકીય હિંમત અને નિખાલસતા ભારોભાર હતી.કોઈ વાત એ છુપાવવા માંગતા નહોતા.જે સાચુ અને સારુ હોય તે પગલું ભરવામાં ડરતા નહીં. કોઈકે એમને પુછ્યુ કે આજ સુધી ખાસ લોકપ્રિય ન હતા એવા સામ્યવાદીઓ આપણો ઉપયોગ કરી રહ્યા હોય તેવું તમને લાગતું નથી.?જવાબમાં મંડેલાએ કહ્યું કે આપણે પણ તેઓનો ઉપયોગ જ કરી રહ્યા છીએને ! મહત્વની વાત એ છે કે મંડેલાએ ગર્વ.ઓફ નેશનલ યુનીટીની રચના કરી. જેમાં પ્રથમ પાંચ વરસ એ તમામ લોકોએ રાજ કરવાનું હતુ જેમને ચુંટણીમાં પાંચ ટકાથી વધુ મત મળ્યા હોય.તેઓ અર્થ એ થયો કે જે નેશનલ પાર્ટીએ રંગભેદનું શાસન ચલાવ્યુ તે પણ સરકારમાં સામેલ થઈ શકી. (અપારથઈડ)ચલાવ્યું.કારણકે ગોરાઓની વસતિ પણ ઘણી મોટી છે. નેશનલ પાર્ટીના શાસનમાં જે એક વખત પ્રમુખ હતા તે દ.કલાર્કને મંડેલાએ સરકારમાં ઉપપ્રમુખ તરીકે જોડાવાનું આમંત્રણ આપ્યું.અને ગોપાલકૃષ્ણ ગાંધી લખે છે કે સૌથી અચંબો એ વાતનો થયો કે દ.કલાર્ક જોડાવા માટે સંમત પણ થયા.

દક્ષીણ આફ્રિકામાં ભારતીયોની ખાસ્સી મોટી વસતિ છે.તેમાં પણ દક્ષિણ ભારતીયો અને ગુજરાતીઓ મોટી સંખ્યામાં છે.વેપારી પ્રજા હોવાને કારણે ભારતીયો વ્યવહારકુશળ રહેવામાં માને. કાળી પ્રજા માનતી કે ભારતીયોએ ચળવળમાં મોટો હિસ્સો લીધો નથી.આમ છતાં મોટી સંખ્યામાં ભારતીયો દક્ષિણ આફ્રિકાને રંગભેદમાંથી મુક્તિ અપાવવા માટે લડ્યા હતા. જેમાં મહાત્મા ગાંધીના પુત્ર મણીલાલ ગાંધી,મોન્ટી નાઈકર અને યુસુફ દાદુ વગેરે પ્રમુખ હતા.જો કે ભારતીય પ્રજાના કૌશલ્ય અને સામાજિક પ્રદાન માટે આફ્રિકન પ્રજાને ભારતીયો પ્રત્યે માન હતું. ગોપાલકૃષ્ણ ગાંધી જણાવે છે કે નેલ્શન મંડેલા પ્રમુખ બન્યા પછી અનેક ભારતીય મુળના દક્ષિણ આફ્રિકાનોને પોતાની કેબિનેટમાં સમાવ્યા હતા.સંસદના પ્રથમ સ્પીકર પણ મુળ ભારતીય અને ચીફ જસ્ટીસ તરીકે મુળ ભારતીયની નિમણુંક કરી.એ વખતે પણ નેલ્સન મંડેલાને પુછવામાં આવ્યું હતું કે ભારતીય સમાજની વસતિના પ્રમાણમાં તેને સરકારમાં વધુ પ્રતિનિધિત્વ અપાયું શું નથી ? જવાબ માં મંડેલા કહ્યું હતું રંગભેદ વિરોધી આંદોલનમાં ભારતીયોએ જે યોગદાન આપ્યું છે તેના પ્રમાણમાં આટલું પ્રતિનિધિત્વ ઓછું છે.

લેખક : વિનોદ પંડ્યા(સૌ. સંદેશ)

## મોદી સરકારના રાજમાં૧૯ મંત્રાલયોએ રુ.૧૧૭૯ કરોડના કૌભાંડો આચર્યા :સીએજીના અહેવાલ મુજબ

દેશના ૧૯ મંત્રાલય અને તેમને આધીન સંચાલિત ઈન્સ્ટિટ્યુટમાં નિયમ-કાયદા દુર કરી દેવામાં આવ્યા. કેટલાક વિભાગોમાં અનાવશ્યક પૈસા ખર્ચવામાં આવ્યા તો કેટલાક ઠેકાણે નિયમ-કાયદાને નેવે મુકીને કરોડોની મહેસુલને ફટકો પડ્યો. સીએજીના ૨૦૧૮ના રિપોર્ટ પ્રમાણે નંબર ચાર પ્રમાણે આ ૧૯ મંત્રાલયમાં ૧૧૭૯ કરોડ રુપીયાની નાણાંકીય ગેરરીતી થઈ છે. ૪ એપ્રિલ,૨૦૧૮ના સંસદમાં રજુ થયેલા આ રિપોર્ટ પ્રમાણે ગેરરીતીઓ માર્ચ ૨૦૧૭ સુધીના નાણાંકીય દસ્તાવેજોની તપાસ બાદ પકડાઈ.

સૌથી વધુ માનવ સંશાધન અને વિકાસ મંત્રાલયમાં નિયમોને નેવે મુકીને કામ કરવામાં આવ્યા.એ પછી વિદેશ મંત્રાલય, સુચના અને પ્રસારણ,સ્વાસ્થ અને પરિવાર કલ્યાણ, સંસ્કૃતિ, ઉપભોક્તા, મિનિસ્ટ્રી ઓફ કોમર્શ અને ઈન્ડસ્ટ્રી વગેરે.મંત્રાલયોમાં મની મેનેજમેન્ટ ખર્ચ સાથે જોડાયેલી ગરબડ જોવા મળી. દેશની સૌથી મોટી ઓડિટ એજન્સીએ જનરલ ,સોશિયલ અને રેવન્યુ સેકટર સાથે સંકળાયેલા ૪૬ મંત્રાલય અને વિભાગોનું ઓડિટ કરવામાં આવ્યુ તો એમાંથી કુલ ૧૯ મંત્રાલયોમાં ગરબડના ૭૮ મામલા પકડવામાં આવ્યા.

સીએજીના રિપોર્ટ પ્રમાણે પોતે જ બનાવેલી કલમો અને નિયંત્રણોને મંત્રાલયે નેવે મુક્યા હતા.પરિયોજનાઓ અનેબજેટ મેનેજમેન્ટમાં બેદરકારી વર્તવામાં આવી. બજેટ ખર્ચ પર જાણે નિયંત્રણ જ નરહ્યુ હોય.તમામ મંત્રાલયો અને વિભાગોમાં સ્ટાફને ગેરકાયદે પેમેન્ટ કરવામાં આવ્યું. ભુતકાળમાં થયેલા ઓડીટ અને ગરબડો તરફ સીએજીએ ઈશારો કર્યો હતો.સીએજીના ઓડીટમાં અનેક ક્ષતિઓ બહાર આવે છે અને સીએજી સરકારનો કાન આમળવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સરકારમાં બેઠેલા લોકો આ બધી બાબતો અસર કરતી નથી.

## મિશનરીઝ ઓફ ચેરીટીના ચાઇલ્ડ કેર સેન્ટરોની તપાસ કરવાના આદેશો અપાયા

ઝારખંડના રાંચી ખાતેના મિશનરીઝ ઓફ ચેરીટીના ચાઈલ્ડ કેર સેન્ટરમાં બાળકો વેચવામાં આવતાં હોવાના આરોપો બાદ હવે કેન્દ્ર સરકારે મિશનરીઝ ઓફ ચેરીટીના દેશભરમાં આવેલા ચાઈલ્ડ કેર સેન્ટરોમાં તપાસના આદેશો જારી કર્યા છે.પાંચમી જુલાઈએ ઝારખંડ પોલીસે રાંચી સ્થિત મિશનરીઝ ઓફ ચેરીટીના ચાઈલ્ડ કેર સેન્ટરની એક નન અને એક કર્મચારીની રુપીયા ૧.૨ લાખમાં એક દંપતીને બાળક વેચવાના આરોપસર ધરપકડ કરાઈ હતી. કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મેનકા ગાંધીએ દેશભરમાં આવેલા મિશનરીઝ ઓફ ચેરીટી સંચાલિત ચાઈલ્ડ કેર હોમની ચકાસણી કરવા રાજ્ય સરકારોને આદેશ જારી કર્યો છે.મેનકા ગાંધીએ આ ઉપરાંત એક મહિનાની અંદર દેશમાં ચાલતા તમામ ચાઈલ્ડ કેર સેન્ટરોની દેશની સર્વોચ્ચ સંસ્થા સાથે નોંધણી કરાવે તે સુનિશ્ચિત કરવા રાજ્ય સરકારોને સુચના આપી છે.

જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૧૫ અનુસાર દેશમાં તમામ ચાઈલ્ડ કેર સેન્ટરો માટે સેન્ટ્રલ એડોપ્શાન રિસોર્સ ઓથોરીટી પાસે નોધણી કરાવવી ફરજીયાત છે. છતાં ૪૦૦૦ ચાઈલ્ડ કેર સેન્ટર અથવા અનાથાશ્રમ નોધણી વિના જ ચાલી રહ્યા છે.

## ભારતીય જનતા પાર્ટીએ હિદુત્વનું તાલીબાનીકરણ કર્યુ છે :કોગ્રેસી સાંસદ શશી થરુર

કોગ્રેસી સાંસદ શશી થરુર ભાજપના યુવા મોરચા પર વળતો પ્રહાર કરતાં કહ્યુ હતું કે ભાજપના યુવા મોરચાએ હિદુત્વનું તાલીબાનીકરણનો પ્રારંભ કર્યો છે.હિંદુ પાકિસ્તાની ટિપ્પણીથી ભાજપની ટીકાનો સામનો કરી રહેલા શશી થરુરે આવી ટિપ્પણી કરી હતી.તિરુવનંતપુરમના એક સમારંભમાં સંબોધન કરતાં થરુરે કહ્યુ હતું કે ભાજપના યુવા મોરચાના નેતાઓએ મને પાકિસ્તાન ચાલ્યો જવા કહે છે. હું હિન્દુ છું. અને મને ભારતમાં રહેવાનો અધિકાર નથી તેવું નક્કી કરવાનો અધિકાર તેમને કોણે આપ્યો છે ?શું તેમણે હિન્દુ ધર્મનું તાલિબાનીકરણ શરુ કર્યું છે ?થરુરે જણાવ્યુ હતું કે ભાજપના નેતાઓ દ્વારા હિંદુ રાષ્ટ્ર નિર્માણની વાતો ઘણી ખતરનાક છે.તેમની આ વિચારધારા દેશને નષ્ટ કરી દેશે.ગયા સપ્તાહમાં થરુરે જણાવ્યુ હતું કે ૨૦૧૯માં જો ભાજપ ચુંટણી જીતી જશે તો દેશનું બંધારણ જોખમાશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેએ જણાવ્યુ હતું કે શશી થરુર પોતે તાલીબાની છે.તેમણે પાકિસ્તાન ચાલ્યા જવું જોઈએ.જો આ દેશમાં રહેવું હશે તો હિદુત્વને ગાળ આપી શકશે નહીં. દેશને ગાળ આપી શકાશે નહીં.આ દેશમાં રહીને જો કોઈ હિદુત્વને ગાળ આપે છે તો તેના માટે આ દેશમાં કોઈ સ્થાન નથી.સુપ્રીમ કોર્ટે પણ કહ્યુ છે કે હિદુત્વ જીવન જીવવાનો માર્ગ છે.

અનું. ૧લા પાનાનું ચાલું

પોતાની વિકલાંગતા અથવા આશ્રિતની વિકલાંગતાનો ક્લેમ કરીને ટેક્સ રાહત ક્લેમ કરી શકે છે.જેમાં કોઈ પુરાવા આપવાના રહેતા નથી.આ માટે લેભાગુ સી.એ. રિફંડના ૧૦ થી ૧૫ ટકા નાણાં કમિશન પેટે ચાર્જ કરે છે.હજારો કરદાતાઓએ આવા લોકો દ્વારા રિટર્ન ફાઈલ કરી દીધા છે.અને રિફંડ ક્લેમ કર્યો હશે. તેમણે માત્ર ફોર્મ ૧૬,આધાર અને બેન્ક ખાતા નંબર આપીને રિટર્ન ભરવાનું હોય છે.ઈટીએ આવા એક સીએને ફોર્મ ૧૬ અને બીજી વિગત આપી હતી.પાંચ દિવસની અંદર તેણે રિટર્ન ફાઈલ કરી દીધું હતું.જેમાં કરદાતાની આવક રુ.૧.૯૦ લાખ ઓછી દર્શાવી હતી.તેના આધારે રુ.૫૦,૦૦૦નો રિફંડનો ક્લેમ પણ કરવામાં આવ્યો હતો.ટેક્સ રિટર્નમાં દર્શાવાયેલી ગ્રોસ ઈન્કમ ફોર્મ ૧૬ના આંકડા કરતાં કઈ રીતે ઓછી હોઈ શકે તે પુછવામાં આવતાં તેણે કહ્યુહતું કે તેણે કેટલાંક એલાઉન્સને ધ્યાનમાં લીધા હતા જે સેકસન ૧૦ હેઠળ કરકપાતને પાત્ર છે.પરંતુ ફોર્મ ૧૬માં તેનો ઉલ્લેખ નથી. જો કે ટેક્સ નિષ્ણાંતોએ ચેતવણી આપે છે કે રિટર્નું એસેસમેન્ટ થાય ત્યારે આ વિસંગતતા પકડાઈ શકે છે.અત્યાર સુધી વ્યક્તિના ફોર્મ૨૬એએસમાં ટીડીએસની વિગત આઈટી રિટર્નમાં દર્સાવેલા ટેક્સ સાથે સુસંગત કરવામાં આવતી હતી.હવે ટેક્સ સત્તાવાળાઓ ફોર્મ ૧૬ ચેક કરીનો રિટર્નમાં દર્શાવેલી આવક સાથે તેની ચકાસણી કરે છે.તાજેતરમાં બેગલુરમાં આ રીતે ટેક્સ રિફંડ મેળવવાનું કૌભાંડ પકડાયું છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## લોકસભાના ૧૫ વર્ષ બાદ પહેલી વાર કોઇ સરકાર અવિશ્વાસની દરખાસ્તનો સામનો કરશે : મોદી સરકાર સામેના વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવને સ્પીકરની મંજુરી

૨૦૧૪માં કેન્દ્રમાં આવેલી ભારતીય જનતા પાર્ટીની સરકાર સામે વિપક્ષી સાંસદોએ રજુ કરેલી અવિશ્વાસનો પ્રસ્તાવ લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજને સ્વીકારી લીધો હતો. છેલ્લા ૧૫ વર્ષમાં પહેલી વાર કોઈ સરકાર અવિશ્વાસની દરખાસ્તનો સામનો કરશે.છેલ્લે ૨૦૦૩માં તત્કાલીન એનડીએ સરકારની સામે અવિશ્વાસની દરખાસ્તનો સામનો કરવાનો વખત આવ્યો હતો

તેલુગુ દેશમ પાર્ટીના સાંસદ કેસીનેની શ્રીનિવાસે રજુ કરેલ અવિશ્વાસનો પ્રસ્તાવ સ્પીકરે સ્વીકારી લીધો હતો.હવે તેમના નામે સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ થશે.તેમજ આજે તેની પર લોકસભામાં ચર્ચા કરવામાં આવશે.આખો દિવસ ચર્ચા બાદ મતદાન હાથ ધરાશે. જો કે સંસદમાં ભાજપ અને તેના સાથી પક્ષોની બહુમતી છે તેથી મતદાનમાં એનડીએની સરકારનો પરાજય થાય તેમ નથી.પરંતુ વિપક્ષોએ એનડીએ પર દબાણ વધારતાં સંસદમાં ગરમાવો રહેશે.

ચર્ચા દરમિયાન વિપક્ષોને સરકાર સામે વિવિધ મુદ્દે ઘેરવાનો સમય મળી જશે. અને અનેક પ્રશ્નો પર વિપક્ષો સરકાર પર પસ્તાળ પાડશે તે નક્કી છે.ભાજપે પોતાના સાંસદોને ત્રણ લીટીનો વ્હીપ જારી કર્યો છે.જેથી મતદાનમાં કોઈ પ્રકારની મુશ્કેલ સર્જાઇ શકે નહીં.

## હેટ ક્રાઇમના મુદ્દે દેશભરમાં યુપી મોખરે અને ગુજરાત બીજા નંબરે : એમનેસ્ટી રીપોર્ટ

માનવ અધિકાર પંચના સલાહકાર ગ્રુપ એમનેસ્ટી ઈન્ટરનેશનલના રિપોર્ટમાં જણાવ્યા મુજબ ૨૦૧૮ના પહેલા ૬ મહિનામાં દેશમાં દલિતો,મુસ્લીમો અને આદીવાસીઓ,વંશીય અને ધાર્મિક રીતે લઘુમતી વર્ગના લોકો,તેમજ ટ્રાન્સજેન્ડર જેવા લોકો સાથે હેટ ક્રાઈમની ૧૦૦ જેટલી ઘટનાઓ ઘટી હતી.આવી ૧૮ ઘટનાઓ સાથે ઉત્તરપ્રદેશ મોખરે હતું. જ્યારે ૧૩ ઘટનાઓ સાથે ગુજરાત બીજા નંબરે હતું. રાજસ્થાનમાં ૮ ,તામિલનાડુંમાં અને બિહરામાં હેટ ક્રાઈમની ૭-૭ ઘટનાઓ નોધાઈ હતી.

હાપુરમાં મોહમંદ કાસિમ નામની વ્યક્તિની જુનમાં ટોળા દ્વાર ગૌહત્યાની શંકાને આધારે મારપીટ કરવામાં આવતાં તેની તપાસ વખતે આ વિગતો બહાર આવી હતી. આ ઘટનાના એક માત્ર જીવંત વ્યક્તિ ૬૨ વર્ષના સમયદીનો કહ્યુ હતું કે ગૌહત્યાની ઘટના નહીં પણ રોડરેજને કારણે આ ઘટના બની હતી.પણ પોલીસ સાચી હકીકત છુપાવતી હતી.

યુપીના દાદરીમાં મોહમંદ અખલાક નામની વ્યક્તિને ટોળા દ્વારા માર મારીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા પછી માનવ અધિકાર પંચ દ્વારા દેશમાં બનતી આવી ઘટનાઓનું ડોક્યુમેન્ટેશન શરુ કરાયું હતું.સપ્ટે.૨૦૧૫માં ઘરમાં ગાયનું માંસ રાખવાના મુદ્દે અખલાકની હત્યા કરવામાં આવી હતી.આ પછી એમનેસ્ટી દ્વારા ચલાવવામાં આવતી હોલ્ટ ધ હેટ વેબસાઈટ પર હેટ ક્રાઈમના ૬૦૩ કિસ્સા નોધાયા હતા.૨૦૧૮ના પહેલા છ મહિનામાં દલિતો સામે હેટ ક્રાઈમના ૬૭ અને મુસ્લીમો સામે ૨૨ કિસ્સા નોધાયા હતા. હેટ ક્રાઈમાં ઓનર કીલીંગ અને ગૌહત્યાની શંકાને કારણે હત્યાની વધુ ઘટનાઓ નોધાઈ હતી.યુપી અને પશ્ચિમ યુપી આવી હેટક્રાઈમની ઘટનાના મધ્યબિંદુ હતા.

હેટક્રાઈમના મુદ્દે સરકારે અને પોલીસ તંત્ર દ્વારા કડકાઈ દાખવવામાં આવે તો ગુના ઓછા થવાનો સંભવ છે. પરંતુ પોલીસ તંત્ર દ્વારા તેને છાવરવાના પ્રયાસો ક્રાઈમમાં વધારો કરે છે.


★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# કોલેજીયમે જસ્ટીસ જોસેફના નામની ફરીથી ભલામણ કરી

સુપ્રીમ કોર્ટની કોલેજીયમે ઉત્તરાખંડના મુખ્ય ન્યાયમુર્તિ કે.એમ.જોસેફની નિમણુંક સુપ્રીમ કોર્ટના જજ તરીકે કરવા માટે તેની ભલામણ સરકારને ફરી મોકલી છે.આની સાથે જ મદ્રાસ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ઈન્દીરા બેનરજી અને ઓડીસા હાઈકોર્ટના ચીફ જસ્ટીસ વીનીત સરનને પણ સુપ્રીમના જજો બનાવવાની ભલામણ કરી છે. જોકે બીજી બાજુ મોદી સરકારના દબાણને વશ થઈને કોલેજીયમે કોલકત્તા હાઈકોર્ટના જજ અનિરુધ્ધ બોઝને દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે નિમવાની તેની ભલામણ પાછી ખેચવાનો નિર્ણય લીધો હતો.તેના બદલે જસ્ટીસ બોઝને ઝારખંડ હાઈકોર્ટના જજ તરીકે નીમવાની ભલામણ કરી છે.

જસ્ટીસ કે.જોસેફને સુપ્રીમના જજ બનાવવા માટેની તેની ભલામણ પર કોલેજીયમે ફેરવિચારણાનું સરકારે કહ્યા બાદ ઉભા થયેલા વિવાદ વચ્ચે તેમના નામની ભલામણ કરી છે.કોલેજીયમ દ્વારા ફરી જસ્ટીસ જોસેફના નામની ભલામણ કરવાથી હવે સરકારને તેમની નિમણુંક માટે એક વોરન્ટ જારી કરવાની ફરજ પડશે. ચીફ જસ્ટીસ દીપક મિશ્રાની આગેવાની હેઠળની આ જ કોલેજીયમે એક સુરે જસ્ટીસ કે.એમ.જોસેફના નામની ભલામણ જાન્યુઆરીમાં કરી હતી.જો કે તેમના નામની ફેરવિચારણાની વાત કરી સરકારે તેને મંજુર કરી નહોતી. અગાઉ નરેન્દ્ર મોદી સરકારે જસ્ટીસ બોઝને પુરતો અનુભવ ન હોવાનું કહી દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે તેમનુ નામ સ્વીકાર્યું નહોતું.કોલકત્તા હાઈકોર્ટના જજ અનીરુધ્ધ બોઝને દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે નીમવાની ભલામણન નકારતાં સરકારે એવું કારણ આપ્યું હતું કે ૨૦૦૪થી જજ રહેલા બોઝ આવા અગ્રણી હાઈકોર્ટના ચીફ જસ્ટીશની જવાબદારી સંભાળી શકે તેટલો અનુભવ ધરાવતા નથી.દિલ્હી હાઈકોર્ટમાં છેલ્લા એક વર્ષથી ફુલટાઈમ ચીફ જસ્ટીસ નથી.જો કે સરકાર એ ભુલી ગયેલી લાગે છે ખે ભુતકાળમાં દિલ્હી હાઈકોર્ટના અનેક ચીફ જસ્ટીસ એવા હતા કે જેમણે આ કોર્ટમાં ટોચના જજો તરીકે કારકીર્દી શરુ કરી હતી.

# એનડીએની સરકાર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ બહુમતીથી ઉડી ગયો

આંધ્રપ્રદેશને વિશેષ દરજ્જો આપવાના મામલે મોદી સરકાર સામે ટીડીપી દ્વારા લવાયેલા અવિશ્વાસની દરખાસ્તનો કરુણ રકાસ થયો હતો.પ્રસ્તાવ પર ચર્ચા બાદ મોડી રાત્રે થયેલા મતદાનમાં એનડીએનો વિજય થયો હતો.અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચા પછી કરવામાં આવેલા મતદાનમાં એનડીએને ૩૨૫ મત મળ્યા હતા.જ્યારે કોંગ્રેસ સહિતના સંયુક્ત વિપક્ષને ૧૨૬ મત મળ્યા હતા.શિવસેના,બીજુ જનતાદળના સાંસદોએ પોતાનુંવલણ સ્પષ્ટ કરી મતદાનમાં ભાગ લીધો નહોતો.સંસદનું ચોમાસુ સત્ર શરુ થયું તે પછી સ્પીકરે સુમીત્રા મહાજનને વિપક્ષોની અવિશ્વાસની દરખાસ્ત સ્વીકારી લીધી હતી.રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીને આપેલી જાદુની ઝપ્પી અને તે પછી આંખ મારવાની ઘટના સમગ્ર દિવસ દરમિયાન ચર્ચા માં રહી હતી.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




### જાણવા જેવું !

દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.
ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.
માછલીઓની આંખો બે ફુટથી દુરની વસ્તુઓ જોઈ શકતી નથી.
વિશ્વમાં મળી આવતાં સૌથી નાના ઓકટોપસની લંબાઈ અઢી સે.મી.હોય છે.
મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ટ્રાફિક પોલીસને દસ્તાવેજો મોબાઇલથી બતાવી શકાશે

કેન્દ્ર સરકાર થોડા સમયમાં મોટર વ્હીકલ એકટમાં બદલાવ લાવશે. આ અંતગર્ત સ્ટેટ ટ્રાન્સપોર્ટ અધિકારી અને ટ્રાફિક પોલીસ અધિકારીએ ગાડીના તમામ જરુરી દસ્તાવેજોનો ડીજીટલ રુપમાં સ્વીકાર કરવો ફરજીયાત બની જશે.એમાં ડ્રાઈવીંગ લાયસંસ,રજીસ્ટ્રેશન સર્ટી.પોલ્યુશન સર્ટી. જેવા દસ્તાવેજો પણ સામેલ છે.હમણાં સુધી ટ્રાફિક પોલીસ લોકોના ડોક્યુમેન્ટ્સ કાગળના સ્વરુપમાં જોતી હતી.પરંતુ હવે પોલીસે એને ડીજીટલ સ્વરુપમાં સ્વીકાર કરવો પડશે.કેન્દ્ર સરકાર આ પગલું એવા સમયે ભરી રહી છે કે જ્યારે કેટલાક રાજ્યોના ટ્રાન્સપોર્ટ અધિકારીઓ ગાડીના ડોક્યુમેન્ટસ ડીજીટલ સ્વરુપમાં સ્વીકારવાનો ખચકાટ અનુભવતા હતા.આ સિવાય પણ સરકાર કેટલાક નવા પગલાં લઈ રહી છે.સુત્રોના જણાવ્યા અનુસાર વિકસિત દેશો જેવા નિયમો અહીં પણ બનાવવામાં આવી શકે છે. વિદેશોમાં બાંધકામ મટીરીયલ્સ બંધ ટ્રકોમાં લાવવા અને લઈ જવામાં આવે છે. ટ્રાન્સપોર્ટ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યુ હતું કે ખુલ્લા ટ્રકમાં બાંધકામ મટીરીયલ્સ લઈ જવામાં આવે છે ત્યારે પર્યાવરણને નુકશાન પહોચે છે.નવા નિયમોનો ડ્રાફટ તૈયાર કરાયો છે. જેમાં કેટલાક મુદ્દાને સામેલ કરવામાં આવ્યા છે.એમાં લાંબા રુટની ટ્રકોમાં બે ડ્રાઈવર ફરજીયાત હોવાનો નિયમ ખતમ કરવાનો પ્રસ્તાવ પણ છે. મંત્રાલયે તમામ નેશનલ પરમીટવાળાં વાહનોમાં ફાસ્ટએજ,ફિકસીંગ રિફ્લેક્ટિવ ટેપ્સ અને વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમ લગાવવાનો પ્રસ્તાવ આપ્યો છે.આને કારણે કોમરશીયલ વ્હીકલોએ ફિટનેસ ટેસ્ટમાંથી પસાર થવું નહીં પડે.

# શબરીમાલા મંદિર ખાનગી સંપત્તિ નથી તેમાં મહિલાઓને પ્રવેશ આપો : સુપ્રીમ કોર્ટ

શબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ અંગે ચાલી રહેલી કાયદાકીય લડતમાં ઉકેલના સંકેતો આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે શબરીમાલા મંદિર જાહેર જગ્યા છે અને તેમાં પ્રવેશ માટે દરેકને અધિકાર હોવો જોઈએ.સુપ્રીમની બંધારણીય બેન્ચે જણાવ્યુ હતું કે મંદિરમાં મહિલાઓનો પ્રવેશ અયોગ્ય છે.આ રીતના પ્રતિબંધ મુકી શકાય નહીં.બંધારણીય બેન્ચે જણાવ્યુ હતું કે મંદિર જાહેર જગ્યા છે.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ જણાવ્યુ હતું કે દેશમાં પ્રાઈવેટ મંદિરનો કોન્સેપ્ટ કામ કરતો નથી.મંદિર કોઈ ખાનગી માલીકી નથી.આ જાહેર જગ્યા છે.આવી સાર્વજનિક જગ્યાઓમાં જો પુરુષો જઈ શકતા હોય તો મહિલાઓને પણ પ્રવેશનો અધિકાર છે.મંદિર ખુલે એટલે તેમાં કોઈપણ વ્યક્તિ જઈ શકે છે.શબરીમાલામાં મહિલાઓના પ્રવેશ પર ક્યા આધારે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

સુપ્રીમે સવાલ કરતાં કહ્યુ હતું કે ક્યા આધારે મહિલાઓનો માટે પ્રવેશ બંધ કરી દેવાયો ? આ બંધારણની વિચારધારા વિરુધ્ધનું પગલું છે.જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડે કહ્યુ હતું કે બંધારણના અનુચ્છેદ ૨૫ પ્રમાણે દેશના દરેક નાગરિકને આ અધિકાર મળેલો છે.બંધારણ મહિલાઓને પણ સમાન અધિકાર આપે છે.મહિલા હોવાને નાતે તેમનો પ્રાર્થના કરવાનો અધિકાર છીનવી ન શકાય.

આ મામલે કેરળ સરકાર સમયાંતરે પોતાનું વલણ બદલી ચુકી છે.વર્ષ ૨૦૧૫માં સરકારે મંદિરમાં મહિલાઓની પ્રવેશબંધીનું સમર્થન કર્યુ હતું. જ્યારે ગત વર્ષે ૨૦૧૭માં રાજ્ય સરકારે આ જ નિર્ણયનો વિરોધ કર્યો આ વખતે ફરી રાજ્ય સરકારે પોતના વલણ બદલી મહિલાઓના પ્રવેશનું સમર્થન કર્યુ છે.


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.